# યાદશક્તિ અને વિચારસરણીમાં મદદ કરવા માટે દવાઓ

જો કે વર્તમાનની કોઈપણ દવાઓ dementiaને બંધ, ધીમું અથવા ઉલટાવી શકતી નથી, તેમ છતાં કેટલીક તેમની યાદશક્તિ અને વિચારસરણીમાં લોકોને મદદ કરી શકે છે.

## Dementia માં કઈ દવાઓ મદદ કરી શકે છે?

ચાર દવાઓ અમુક પ્રકારનાં dementiaની સારવાર કરે છે:

- donepezil
- rivastigmine
- galantamine
- memantine.

## આ દવાઓ કોને મદદ કરે છે?

આ દવાઓ Alzheimer’s disease, dementia with Lewy bodies, or Parkinson’s disease dementia તેમજ mixed dementia થી પીડિત લોકોને આપવામાં આવે છે જેમાં આમાંથી કોઈપણ પ્રકારનો સમાવેશ થાય છે. દવાઓ દરેક વ્યક્તિ માટે કામ કરતી નથી.

કેટલાક લોકોને તે અસ્વસ્થતા, યાદશક્તિ અને ધ્યાનમાં મદદ કરી શકે છે. આનાથી રોજિંદા જીવનમાં મદદ મળી શકે છે. જો દવા મદદ કરે છે, તો વ્યક્તિ વધુ પ્રોત્સાહિત અનુભવી શકે છે. તેમની યાદશક્તિ અને વિચારસરણીમાં પણ થોડા અઠવાડિયા પછી સુધારો થવાની સંભાવના છે.

આ દવાઓ frontotemporal dementia (FTD) અથવા vascular dementia થી પીડિત લોકોમાં યાદશક્તિ અને વિચારસરણીમાં મદદ કરતી નથી. ડૉક્ટર આ સ્થિતિ થી પીડિત વ્યક્તિને તેના સામાન્ય સ્વાસ્થ્યમાં મદદ કરવા માટે દવાઓ આપી શકે છે. Frontotemporal dementia માટે, આ ડિપ્રેશનની દવાઓ હોઈ શકે છે. Vascular dementiaમાટે, આ હાઈ બ્લડ પ્રેશર અથવા હૃદયની સમસ્યાઓની દવાઓ હોઈ શકે છે.

ડૉક્ટર વાર્ષિક સમીક્ષામાં દર વર્ષે દવાઓ કેવી રીતે કામ કરી રહી છે તે તપાસ કરશે.

## દવાઓ લેવી અને બંધ કરવી

આ એવી વસ્તુઓ છે જે દવાને યોગ્ય રીતે લેવાનું સરળ બનાવી શકે છે. આમાં ચેકલિસ્ટ્સ, રિમાઇન્ડર્સ અને પિલ બોક્સનો સમાવેશ થાય છે. જો તમને તમારી દવા કેવી રીતે અને ક્યારે લેવી તે વિશે મૂંઝવણમાં હો તો તમારા ડૉક્ટર સાથે વાત કરો.

પહેલા તમારા ડૉક્ટર સાથે વાત કર્યા વિના દવા લેવાનું બંધ ન કરવું એ મહત્વનું છે, કારણ કે આ dementiaની સ્થિતિને વધુ ખરાબ કરી શકે છે. જો તમે ધાર્મિક અથવા આધ્યાત્મિક કારણોસર ઉપવાસ કરી રહ્યાં હોવ તો તેમાં સમાવેશ થાય છે.

## શું આ દવાઓની આડ અસરો છે?

જેઓ દવા લે છે તેવા થોડાં લોકો આડઅસરોનો અનુભવ કરી શકે છે. તમારા ડૉક્ટર સાથે આડઅસરો અને તેને ઘટાડવાની રીતો વિશે વાત કરો. જો તમે જે દવા લઈ રહ્યા છો તે આડઅસરનું કારણ બને છે, તો ડૉક્ટર તમને બીજી દવા અજમાવવા માટે કહી શકે છે.

Dementia થી પીડિત લોકો માટે દવાઓ એકમાત્ર આશાનો સ્રોત નથી. **ચિકિત્સકો અને અન્ય વ્યાવસાયિકો તરફથી HS3GUJ સારવાર** અને dementia થી પીડિત લોકોના **સમર્થન માટે HS5GUJ જુઓ** – **alzheimers.org.uk/get-support/information-in-your-language**

અમે અહીંયા તમારા માટે છીએ. જો તમે dementia વિશે ચિંતિત હોવ, તો અમને **0333 150 3456** પર કૉલ કરો. સલાહકારને તમારી ભાષા કહો અને તેઓ તમને દુભાષિયા સાથે પાછા કૉલ કરશે.

તમારા વિસ્તારમાં રૂબરૂમાં અને ઓનલાઈન સહાય શોધવા માટે, **alzheimers.org.uk/dementiadirectory** પર જાઓ. આમાં સાંસ્કૃતિક અને ધાર્મિક જૂથો શામેલ છે.

Code HS4GUJ Last reviewed January 2023 Next review January 2024

©Alzheimer’s Society 2023 Registered charity No. 296645